www.prepp.in
Prepp
Your Personal Exams Guide

(1) બાળક વિશેની કઈ માન્યતાને આધુનિક બાળમનોવિજ્ઞાન સ્વીકારતું નથી ?

(A) બાળકોની આંતરિક શક્તિઓનું માપન કરવું જોઈએ.

(B) બાળક પુખ્ત માનવની લઘુઆવૃત્તિ છે.

(C) બાળવિકાસ પર વારસાની અસર થાય છે.

(D) બધાં બાળકોને એકસરખી કેળવણી મળે તે યોગ્ય નથી.

(2) "શાળામાં આવેલો શિક્ષક ભણાવવા માટે આવેલો શિક્ષક નથી, પણ તે વૈજ્ઞાનીક છે." – આવું કોણે કહ્યું છે ?

(A) વિવેકાનંદ
(B) જે. કૃષ્ણમૂર્તિ
(C) ગિજુભાઈ
(D) રાધાકૃષ્ણન્

(3) આ લક્ષણો કયાં પ્રકારનાં બાળકમાં હોય છે ?

(1) ઉચ્ચસ્તરંનો ભાષા-વિકાસ

(2) તિક્ષ્ણ રમૂજવૃત્તિ

(3) આજ્ઞાંકિતતાનો અભાવ

(4) રસોનું અસામાન્ય વૈવિધ્ય

(5) અશાંત-ઉતાવળો સ્વભાવ

(6) ઝડપી વિચાર પ્રક્રિયા

(A) પ્રતિભાશાળી
(B) સર્જનશીલ
(C) ઉચ્ચસિદ્ધિ
(D) બાલઅપરાધી

(4) પિયાજેએ સૂચવેલા જ્ઞાનાત્મક વિકાસના તબક્કાઓને બાળકની ઉંમરના ચડતા ક્રમમાં ગોઠવો.

(i) સંવેદન સ્નાયુલક્ષી

(ii) પૂર્વમાનસિક ક્રિયાત્મક વિચાર

(iii) મૂર્ત માનસિક-ક્રિયાત્મક

(iv) ઔપચારિક માનસિક ક્રિયાઓ

(A) (i), (ii), (iii), (iv)
(B) (ii), (iii), (iv), (i)
(C) (iii), (i), (ii), (iv)
(D) (iv), (ii), (i), (iii)

(5) 'બાલવાટિકા' કક્ષાએ કઈ ક્ષમતાના વિકાસ પર લક્ષ આપવાનું રાષ્ટ્રીય શિક્ષણનીતિ સૂચવે છે ?

(A) મૂલ્યલક્ષી

(B) વિવેચનાત્મક

(C) સાંસ્કૃતિક

(D) બૌદ્ધિક

www.prepp.in

prepp
Your Personal Exams Guide

(6) બાળકોમાં પ્રતિકૂળ મનોવલણોનું સર્જન શાનાથી થાય છે ?

(A) સમાજ અમાન્ય વર્તનોને પ્રોત્સાહન આપવાથી

(B) અણગમતાં વયોચિત વર્તનોને મોટેરાંઓ દ્વારા સજા કરવાથી

(C) સારાં વર્તનો કરવા માટે ઉપદેશ આપવાથી

(D) વારસામાં મળેલા જનીનમાં ખામી હોવાના કારણે

(7) વિદ્યાર્થીના અધ્યયન પર અસરકરતા નીપજ - પરિબળો કયાં કયાં છે ?

(i) વિષયવસ્તુનું પૂર્વજ્ઞાન

(ii) વિષયપ્રત્યેનું વલણ

(iii) અધ્યયન કૌશલો

(iv) વ્યાવસાયિક ક્ષમતાનો વિકાસ

(v) પાઠ્યપુસ્તકની ગુણવત્તા


(vi) વિષયવસ્તુનું અધ્યયન

(A) (ii), (iv), (vi)
(B) (i), (v), (vi)
(C) (i), (ii), (iii)
(D) (ii), (iii), (iv)

(8) "બાળકમાં થતું ગુણાત્મક પરિવર્તન અને બોલવા વિચારવાના સામર્થ્યમાં થતો વધારો." - એ શું સૂચવે છે ?

(A) કૌશલ્યની પ્રાપ્તિ
(B) જ્ઞાન-સંપાદન
(C) અભિયોગ્યતા
(D) વિકાસ

(9) આ આકૃતિમાં ? ની જગ્યાએ કયો અંક આવશે ?




(A) 103
(B) 104
(C) 105
(D) 106

(10) બાળકમાં તોતડાપણું કયાં કારણોથી સર્જાય છે ?

(i) વારસાગત ખામી

(ii) એકલવાયાપણું

(iii) નિષ્ફળતાની બીક

(iv) અપૂરતું શબ્દભંડોળ



prepp Your Personal Exams Guide

Prepp
Your Personal Exams Guide

(v) આવેગજન્ય તણાવ

(vi) ઘરમાં પ્રયોજાતી અશુદ્ધ ભાષા

(vii) બિનસલામતીની લાગણી

(A) (v), (ii), (iv)
(B) (i), (iii), (vii)
(C) (ii), (vi), (vii)
(D) (v), (iii), (vii)

(11) પ્રારંભિક બાળ-સંભાળ અને શિક્ષણ માટે કયા પ્રકારના અધ્યાપનશાસ્ત્રનો ઉપયોગ કરવાનો હોય છે ?

(A) જ્ઞાન-સર્જનાત્મક
(B) ડિજિટલ લર્નિંગ
(C) સંવાદાત્મક
(D) વર્તનશાસ્ત્રીય

(12) કયું જૂદું પડે છે ?

(A) પ્રમાદ
(B) સૌહાર્દ
(C) અસૂયા
(D) પ્રકોપ

(13) કેળવણી એ ત્રિધ્રુવીય પ્રક્રિયા છે આમાં કયા ત્રણ ધ્રુવોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) વિદ્યાર્થી, આચાર્ય, શાળા
(B) આચાર્ય, શાળા, વાલી
(C) શિક્ષક, શાળા, સમાજ
(D) વિદ્યાર્થી, શિક્ષક, સમાજ

(14) નીચેના ધ્યેયોને ધ્યાને રાખીને શેની રચના કરવામાં આવે છે ?

1. ઉપયોગિતાનું ધ્યેય
2. સાંસ્કૃતિક ધ્યેય
3. માનસિક ઘડતરનું ધ્યેય
4. ભાવી સમાજ રચનાનું ધ્યેય

(A) પાઠ્યક્રમ
(B) અભ્યાસક્રમ
(C) પાઠ્યપુસ્તક
(D) શિક્ષક માર્ગદર્શિકા

(15) વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા વધારવા કયું સૂચન આવકારદાયક નથી ?

(A) નિર્ણયની મોકળાશ અને આઝાદી આપવી.

(B) સ્વ અધ્યયનની તક પૂરી પાડવી.

(C) વિદ્યાર્થી કોઈ કાર્ય જો જાતે ન કરી શકે તો શિક્ષકે કરી આપવું.

(D) હું કંઈ પણ કરી શકીશ એવો આત્મવિશ્વાસ વધારવો.

(16) એક શિક્ષક વર્ગખંડમાં વિદ્યાર્થીઓને અર્થપૂર્ણ પ્રશ્ન યોગ્ય ઝડપે અને ક્રમિક રીતે એક પછી એક એમ સાતત્યપૂર્ણ રીતે પૂછે છે તો તે કયા કૌશલ્યનો ઉપયોગ કરે છે ?

(A) પ્રશ્ન ઊંડાણ કૌશલ્ય
(B) બહુવિધ પ્રશ્ન કૌશલ્ય
(C) પ્રશ્નપ્રવાહિતા કૌશલ્ય
(D) ઉચ્ચ કક્ષા પ્રશ્ન કૌશલ્ય

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

(17) ક્રિયાત્મક કસોટી અન્ય કસોટીઓથી કઈ રીતે જુદી પડે છે ?

(A) તેમાં કથન કે લેખન વગર પણ જવાબ આપી શકાય છે.

(B) સત્રના અંતે લેવામાં આવે છે.

(C) વર્ષના અંતે લેવામાં આવે છે.

(D) ઔપચારિક રીતે લેવામાં આવે છે.

(18) શિક્ષક તરીકે પોતાને શાબાશી મળે તે માટે નહિ પરંતુ પોતે વર્ગખંડમાં વિદ્યાર્થીઓને અભ્યાસ વિષય પ્રત્યે તલસ્પર્શી અભ્યાસ કરાવીને સંતોષ પ્રાપ્ત કરીને પ્રાપ્ત થાય છે તેને .............. કહેવાય.

(A) સ્મૃતિ

(B) આનંદ

(C) પ્રત્યક્ષીકરણ

(D) સિદ્ધિપ્રેરણા

(19) શિક્ષક તરીકે તમે વર્ગખંડમાં અભ્યાસ પદ્ધતિ તરીકે ................ નો ઉપયોગ કરશો.

(A) અંતરીકૃત અધ્યયન પદ્ધતિ

(B) સમગ્ર અને વિભાગ પદ્ધતિ

(C) વાચન વિરુદ્ધ મુખપાઠ

(D) બધી જ

(20) શિક્ષક તરીકે તમે ભાષાની ટેવો, શબ્દોના અર્થ, રુચિ-અભિરુચિ, વગેરેનું જે શિક્ષણ આપો છો તેમાં ........... ની પ્રતિક્રિયાઓ વ્યાપકપણે સંકળાયેલી છે.

(A) પ્રક્ષેપણ

(B) સ્મરણ

(C) અભિસંધાન

(D) એકેય નહિ

(21) તમારા વર્ગખંડમાં એક બાળકની શારીરિક ઉંમર 12 વર્ષ છે અને તેની માનસિક ઉંમર 13 વર્ષ છે તો તેની બુદ્ધિલબ્ધી ................ થશે.

(A) 92.30

(B) 94.00

(C) 100.33

(D) 108.33

(22) શિક્ષક તરીકે તમે શાળામાં પ્રવેશ કરો છો અને પ્રથમ દૃષ્ટિએ તમને શાળા As A whole દેખાય છે. આ ખ્યાલ કયા સિદ્ધાંતે આપ્યો ?

(A) રચનાવાદ

(B) હેતુવાદ

(C) સમષ્ટિવાદ

(D) વર્તનવાદ

(23) મોટા પગારની નોકરી ગમે છે પરંતુ તેની સાથે જોડાયેલી જવાબદારીઓ પસંદ નથી. - આને કયો સંઘર્ષ કહેવાય ?

(A) અભિગમન-અભિગમન સંઘર્ષ

(B) વિગમન-વિગમન સંઘર્ષ

(C) અભિગમન-વિગમન સંઘર્ષ

(D) એકેય નહિ

(24) જો SISTER = 535301, UNCLE = 84670 અને BOY = 129 હોય, તો RUSTIC બરાબર શું થાય ?

(A) 633185

(B) 185336

(C) 363815

(D) 581363

R U S T I C
5 5 3 3 6

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

(25) જો CHILDREN ને બદલે EJKNFTGP લખાય તો TEACHER ને સાંકેતિક ભાષામાં શું લખાય ?

(A) VGCEJTG
(B) VGCEJGT
(C) VGCJEGT
(D) VGCGEJT

(26) ? ચિન્હની જગ્યાએ કયો અંક આવશે?


| | | |
|---|---|---|
| 3 | 6 | 8 |
| 5 | 8 | 4 |
| 4 | 7 | ? |

(A) 9
(B) 8
(C) 7
(D) 6

(27) જો સાત કરોળિયાં સાત જાળાં 7 દિવસમાં બનાવે તો 1 કરોળિયાને 1 જાળું બનાવતા કેટલા દિવસ લાગે ?

(A) 1
(B) 7
(C) $^7/_2$
(D) 49

(28) નીચે આકૃતિમાં કુલ કેટલા સમાંતરબાજુ ચતુષ્કોણ છે ?




(A) 13
(B) 14
(C) 15
(D) 17

(29) 2, 4, 7, 14, 17, 34, ......... પેટર્ન પૂર્ણ કરો.

(A) 36
(B) 70
(C) 37
(D) 76

(30) ? ચિન્હની જગ્યાએ કયો અંક આવશે?




(A) 9114
(B) 6005
(C) 1491
(D) 6091

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

(31) એક સિંહ કુટુંબ અમારાથી 30 ફૂટ દૂર બેઠું હતું..... સિંહ, સિંહણ અને ત્રણ બચ્ચાં.

................. માં યોગ્ય વિરામચિન્હ જણાવો.

(A) . (B) ,

(C) : (D) !

(32) સાચી જોડણી જણાવો.

(A) મિનીટ (B) મીનીટ

(C) મીનિટ (D) મિનિટ

(33) 'લસરકો મારવો' રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

(A) રેખા દોરવી (B) ઝડપથી ભાગવું

(C) ઝપાટાથી ખેંચવું (D) થપ્પડ મારવી

(34) વિદ્યાર્થી સુલેખન કરે કે લયાત્મક કાવ્યગાન કરે તે ભાષાના કયા કૌશલ્યના વિકાસનો નિર્દેશ કરે છે ?

(A) મનોશારીરિક (B) ભાવાત્મક વિકાસ

(C) શબ્દભંડોળ (D) અર્થગ્રહણ

(35) અને, કે, એટલે વગેરે ............... કહેવાય.

(A) સંજ્ઞા (B) સંયોજકો

(C) પ્રત્યય (D) ક્રિયાવિશેષણ

(36) જોડણીકોશ મુજબ ક્રમમાં ગોઠવો. અંબર, અજગર, ટપાલ, જ્ઞાન

(A) અજગર, અંબર, જ્ઞાન, ટપાલ (B) અજગર, અંબર, ટપાલ, જ્ઞાન

(C) ટપાલ, જ્ઞાન, અજગર, અંબર (D) અજગર, ટપાલ, જ્ઞાન, અંબર

(37) મનની લાગણીને / મનના ભાવનાત્મક ઊભરાને કયા શબ્દની મદદથી રજૂ કરી શકાય છે ?

(A) કર્તા (B) ઉભયાન્વયી

(C) કૃદંત (D) કેવળપ્રયોગી

(38) અયોગ્ય જોડ ઓળખો.

1. શૂર - અવાજ

2. શત - સો

3. સાર - કસ

4. શાર - છિદ્ર

(A) 1 (B) 2

(C) 3 (D) 4

Prepp
Your Personal Exams Guide

(39) વ્યક્તિ શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ જણાવો.

(A) અવ્યક્તિ
(B) પ્રાણી
(C) સૃષ્ટિ
(D) સમષ્ટિ

(40) ગાડી અટકી. બારણામાં ઊભેલી તૃપ્તિ દેખાઈ. મુગ્ધ થઈ જવાયું. પૂર્વાની વાત જરાયે ખોટી નહોતી. શું પ્રમાણસર સૌષ્ઠવ ! - ગદ્યનો પ્રકાર જણાવો.

(A) વિવરણાત્મક
(B) ભાવાત્મક
(C) વર્ણનાત્મક
(D) વાદાત્મક

(41) અર્થગ્રહણ કયા કૌશલ્યો દ્વારા થાય છે.

1. શ્રવણ
2. કથન
3. વાંચન
4. લેખન

(A) ચારેય
(B) 1 અને 3
(C) 1 અને 2
(D) 3 અને 4

(42) સરપાવ શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો.

(A) માથાથી પગ સુધી
(B) આબરૂ
(C) ઇનામ
(D) વારસો

(43) શા વિચારમાં પડી ગયા છો ............ મહારાજ ............. ખાલી જગ્યામાં યોગ્ય વિરામચિહ્નો ક્યા આવશે ?

(A) ? ! પ્રશ્નાર્થ
(B) , !
(C) . ! (ઉદ્ગાર)
(D) ! .

(44) નીચેના પૈકી કોનો સમાવેશ ધોરણ 1, 2 ના ગુજરાતી સમૂહ કાર્યમાં થતો નથી ?

(A) ચિત્ર કેલેન્ડર
(B) બિગ બૂક
(C) ગીત આધારિત ચર્ચા
(D) અર્લી રીડર

(45) ધોરણ 5 ગુજરાતી પાઠ્યપુસ્તકનું નામ શું છે ?

(A) કેકારવ
(B) મયુર
(C) કુહૂ
(D) કલશોર

Prepp
Your Personal Exams Guide

(46) પ્રજ્ઞા અભિગમ મુજબ ગુજરાતી ધોરણ 1, 2 ના વર્ગખંડમાં સાચો ક્રમ કયો છે ?

(A) શિક્ષક સમર્થિત જૂથ, સહપાઠી જૂથ, સ્વ અધ્યયન જૂથ, મૂલ્યાંકન જૂથ

(B) સહપાઠી જૂથ, શિક્ષક સમર્થિત જૂથ, સ્વ અધ્યયન જૂથ, મૂલ્યાંનક જૂથ

(C) શિક્ષક સમર્થિત જૂથ, સ્વ અધ્યયન જૂથ, સહપાઠી જૂથ, મૂલ્યાંકન જૂથ

(D) શિક્ષક સમર્થિત જૂથ, મૂલ્યાંકન જૂથ, સહપાઠી જૂથ, સ્વ અધ્યયન જૂથ

(47) સદંડી મૂળાક્ષરના જોડાક્ષર કયા ધોરણમાં શીખવવાના છે ?

(A) ધોરણ 1
(B) ધોરણ 2
(C) ધોરણ 3
(D) ધોરણ 3 દ્વિતીય સત્ર

(48) ધોરણ 3 ગુજરાતી પાઠ્યપુસ્તકના એકમ મોટેભાગે કઈ પ્રવૃત્તિથી પૂર્ણ થાય છે ?

(A) યાદ કરીએ
(B) છેલ્લો સવાલ
(C) ચાલો હસીએ
(D) સ્વતંત્ર લેખન

(49) 'હાથોહાથ' શબ્દનાં સાચી રીતે છૂટા પાડેલા સ્વર-વ્યંજનો દર્શાવો.

(A) હ્ + આ + થ્ + ઓ + હ્ + આ + થ્
(B) હ + આ + થ + ઓ + હ + આ + થ
(C) હ + આ + થ્ + ઓ + હ્ + આ
(D) હ્ + આ + થ્ + ઓ + હ્ + આ + થ

(50) 'હાનિકારક' કયા સમાસનું ઉદાહરણ છે.

(A) દ્વન્દ્વ
(B) તત્પુરુષ
(C) ઉપપદ
(D) કર્મધારય

(51) 'હાજી સાંદીપનિ ઋષિને ઘેર, મને કેમ વીસરે રે ?' વાક્યમાંથી વ્યક્તિવાચક સંજ્ઞા શોધો.

(A) ઘેર
(B) મને
(C) કેમ
(D) સાંદીપનિ

(52) નીચે આપેલ શબ્દોમાંથી પર પ્રત્યય શબ્દ દર્શાવો.

(A) ભીનાશ
(B) કજાત
(C) બેકાર
(D) કપૂત

(53) 'આપણી સનાતન છતાં નિત્યનૂતન સંસ્કૃતિ છે.' વાક્યમાં રહેલ કાળ દર્શાવો.

(A) વર્તમાનકાળ
(B) ભવિષ્યકાળ
(C) ભૂતકાળ
(D) એકપણ નહિ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

(54) નીચેનામાંથી કવિતા અને કવિના નામનું કયું જોડકું સાચું નથી ?

(A) ઠંડી - કૃષ્ણ દેવ

(B) પર્વત તારા - સુરેશ દલાલ

(C) સાદ કરે છે - પ્રહલાદ પારેખ

(D) ધમાચકડી - ડૉ. પ્રકાશ દવે

(55) 'ઓળો' શબ્દનો વિશિષ્ટ શબ્દ લખો.

(A) પડછાયો (B) પ્રકાશ

(C) વલય (D) છાયડો

(56) નીચેનામાંથી કયો શબ્દ સાચી જોડણીવાળો છે ?

(A) પરોઢિયું (B) પરોડીયુ

(C) પરોઢીયૂ (D) પરોઢિયૂ

(57) નીચેનામાંથી સાચી જોડણીવાળો શબ્દ કયો છે ?

(A) અઠવાડિયું (B) ગરિબાઈ

(C) જળરાસિ (D) જિવાદોરી

(58) નીચેના વાક્યમાં સર્વનામ શોધો.

જે વર્ણન આપ્યું તે તો બરાબર પેલા વેપારીના ઊંટનું જ હતું.

(A) જે (B) તે

(C) પેલા (D) આપેલા તમામ

(59) નીચેના વાક્યમાં યોગ્ય પ્રત્યય શોધો.

કાગડો લુહારને ત્યાં ચાંચ ઘડાવવા ગયો.

(A) યો (B) ને

(C) ચ (D) ડો

(60) સુરેશ દલાલનું ઉપનામ કયું છે ?

(A) સ્નેહરશ્મિ (B) મધુરમ્

(C) કીરાત વકીલ (D) સુંદરમ્

(61) Which of the following is not an objective of English language teaching ?

(A) Evaluation (B) Communication

(C) Expression (D) Comprehension

(62) All the squirrels were <u>scared.</u>

Find out synonym of the underlined word.

(A) fearless
(B) jumped
(C) frightened
(D) fought

(63) Arrange the following words in a dictionary order.

1. designer
2. dress
3. dietitian
4. dialogue

(A) 3, 4, 1, 2
(B) 1, 4, 2, 3
(C) 1, 4, 3, 2
(D) 4, 3, 1, 2

(64) The crow picked up the pebbles one by one ...................... his beak.

Select proper preposition.

(A) with
(B) on
(C) above
(D) from

(65) Arrange the following words in order to make a correct sentence.

A. in the sky
B. The swans with
C. flew high
D. the tortoise

(A) DCAB
(B) BDCA
(C) BCDA
(D) DABC

(66) The captain went to a cricket stadium. - make a question using the word 'where'.

(A) Where did the captain go ?
(B) Where did the captain gone ?
(C) Where do the captain go ?
(D) Where do the captain gone ?

(67) The dog started barking ......................... his own reflection - Select proper preposition.

(A) on
(B) at
(C) into
(D) in

(68) .................... is one of the characteristics of good handwriting.

(A) Legality
(B) Legibility
(C) Loyalty
(D) Liberty

Prepp
Your Personal Exams Guide

(69) Find out unmatched pair of antonyms.

(A) soft - hard
(B) heavy - light
(C) small - tiny
(D) thin - thick

(70) Once their mother and father went in search of food for them.

Here the word - 'in search of' means .............

(A) trying for
(B) eating for
(C) serving for
(D) looking for

(71) She wrote herself. The underlined word stands for ......................

(A) Demonstrative Pronoun
(B) Reflexive Pronoun
(C) Emphatic Pronoun
(D) Personal Pronoun

(72) "Language learning is learning to speak and follow" is salient feature of .................. approach.

(A) Structural
(B) Communicative
(C) Situational
(D) Inductive

(73) The ants use antennae to talk with the other ants. Find out synonym for the underlined word.

(A) Fillers
(B) Felers
(C) Fellers
(D) Feelers

(74) Vishva plays badminton at Harsh's house every Sunday - which 'wh' word is used to make a question for the underlined part.

(A) Who
(B) What
(C) Where
(D) When

(75) What time is it if it is 1:45 in the clock ?

(A) Quarter to two
(B) Quarter past two
(C) Half past one
(D) Quarter to one

(76) I had .................. headache yesterday in the afternoon. Fill in the blank with appropriate word.

(A) strong
(B) severe
(C) bad
(D) keen

(77) He has lost his money. Here the underlined word is :

(A) Noun
(B) Pronoun
(C) Adverb
(D) Adjective

www.prepp.in

(78) I bought .................... umbrella and a pair of shirts, but I returned .................... umbrella.

Put proper pair of article.

(A) an, an
(B) the, an
(C) an, the
(D) the, the

(79) Teaching through action is a part of ...................... method.

(A) Lecture
(B) Inductive
(C) Demonstration
(D) Deductive

(80) 'To develop one teaching skill' is an objective of ......................... lesson.

(A) Micro
(B) Bridge
(C) Simulation
(D) Stray

(81) I hope you are happy now, .................... ?

Put proper question tag.

(A) are you ?
(B) do you ?
(C) don't you ?
(D) aren't you ?

(82) We feel peaceful during the summer season, change the underlined word with its opposite.

(A) calm
(B) restful
(C) pleasant
(D) restless

(83) Mumbai is busier than .................. other cities in India. Fill in the blank with proper word.

(A) any
(B) most
(C) many
(D) more

(84) Evaluation is a means to judge the ......................... of student in the field of education.

(A) interest
(B) attitude
(C) achievement
(D) aptitude

(85) Fill in the blank with proper words given below the sentence.

He spoke ................. me ................... French.

(1) in (2) at (3) to (4) with

(A) (2), (1)
(B) (2), (4)
(C) (3), (1)
(D) (3), (4)

Prepp
Your Personal Exams Guide

(86) Which of the following pairs of plurals are correct.

(1) army - armies

(2) kilo - kilos

(3) shelf - shelves

(A) (1), (2)
(B) (1), (3)
(C) (2), (3)
(D) (1), (2), (3)

(87) Both the children looked alike. Here 'alike' means -

(A) different
(B) unlike
(C) similar
(D) diverse

(88) Pooja ...................... to a great musical concert last night.

(A) go
(B) is going
(C) went
(D) has gone

(89) ........................... skill is the most important among four skills of language.

(A) Listening
(B) Speaking
(C) Reading
(D) Writing

(90) Which of the following are the types of essay writing ?

(A) Descriptive
(B) Narrative
(C) Biographical
(D) All mentioned above

(91) $1000^8 \div 10^{25} = ?$

(A) 0.1
(B) 10
(C) 100
(D) $10^{-2}$

(92) આપેલા વિકલ્પો પૈકી સૌથી મોટી સંખ્યા કઈ છે ?

(A) $13\frac{2}{7}$
(B) $\frac{116}{9}$
(C) $\sqrt[3]{2195}$
(D) $\sqrt{168}$

(93) 8 સે.મી. લંબાઈના એક સમઘન આકારના પાત્રમાં રાખેલા પ્રવાહીમાંથી 2 સેમી લંબાઈની કેટલી સમઘન ડબ્બીઓ ભરી શકાય ?

(A) 4
(B) 16
(C) 64
(D) 32

prepp
Your Personal Exams Guide

(94) એક ચોરસની પરિમિતી 64 સે.મી. છે તો તે ચોરસનું ક્ષેત્રફળ કેટલું થાય ?

(A) 64 ચો. સે.મી.
(B) 32 ચો. સે.મી.
(C) 256 ચો. સે.મી.
(D) 128 ચો. સે.મી.

(95) 6, 7, 8 અને 9 અંકનો માત્ર એકવાર ઉપયોગ કરી બનતી ચાર અંકની સૌથી મોટી સંખ્યા અને સૌથી નાની સંખ્યા વચ્ચેનો તફાવત કેટલો થાય ?

(A) 3087
(B) 2997
(C) 2889
(D) 1989

(96) 3285 માં 2 ની સ્થાન કિંમત અને 5 ની સ્થાન કિંમતનો તફાવત કેટલો થાય ?

(A) 200
(B) 500
(C) 280
(D) 195

(97) નીચેના અંગ્રેજી મૂળાક્ષરો પૈકી શેમાં અનન્ય સંમિતિ રેખા મળે ?

(A) H
(B) I
(C) O
(D) C

(98) 1 ચોરસ મીટર બરાબર કેટલા ચોરસ સેન્ટીમીટર થાય ?

(A) 100
(B) 1000
(C) 10000
(D) 100000

(99) એક ખૂણાનું માપ અને તેના કોટિકોણના માપનો ગુણોત્તર 3:2 છે તો તે ખૂણાનું માપ કેટલું થાય ?

(A) $36^0$
(B) $54^0$
(C) $30^0$
(D) $60^0$

(100) ગણિત શિક્ષણના હેતુઓ પૈકી નીચેનામાંથી કયું ક્રિયાપદ જ્ઞાન સાથે સંકળાયેલ છે ?

(A) યાદ કરે
(B) વર્ગીકરણ કરે
(C) અર્થઘટન કરે
(D) ઝડપથી માપન કરે

(101) 24 સે.મી.ના ચોરસ પૂંઠામાંથી 3 સે.મી. પહોળાઈ અને 6 સે.મી. લંબાઈની કેટલી પટ્ટી બનશે ?

(A) 32
(B) 24
(C) 16
(D) 40

(102) રવજીભાઈ પાસે 5400 રૂા. છે. તેમાંથી $^1/_3$ રકમ પોતાની પાસે રાખી બાકીની રકમ પોતાની ત્રણે દીકરીઓમાં સરખે ભાગે વહેંચે તો દરેક દીકરીને કેટલી રકમ મળશે ?

(A) 1800
(B) 1400
(C) 1350
(D) 1200

(103) ત્રિકોણના એક ખૂણાનું માપ $85^0$ છે. બાકીના બે ખૂણાઓના માપનો તફાવત $35^0$ છે. તો બાકીના બે ખૂણાઓના માપ કયા હશે ?

(A) $70^0, 35^0$
(B) $20^0, 55^0$
(C) $65^0, 30^0$
(D) $45^0, 80^0$

(104) ગણિત શિક્ષણની કઈ પદ્ધતિમાં 'સાધ્યથી પક્ષ તરફ' જઈ ઉકેલ મેળવવામાં આવે છે ?

(A) આગમન પદ્ધતિ
(B) નિગમન પદ્ધતિ
(C) પૃથક્કરણ પદ્ધતિ
(D) સંયોગીકરણ પદ્ધતિ

(105) એક ચોરસ કાગળના કોઈ એક વિકર્ણ પરથી બરાબર બે ભાગ કરવામાં આવે છે. તો હવે કાગળના પ્રત્યેક ભાગમાં કેટલા ખૂણા હશે ?

(A) ચાર
(B) પાંચ
(C) ત્રણ
(D) બે


(106) 1 લિટર તેલ કરતાં 1 કિગ્રા ઘી 60 રૂા. મોઘું છે. મીનાએ 5 કિ.ગ્રા. ઘી ના રૂા. 500 ચુકવ્યા હોય તો 1 લિટર તેલની કિંમત કેટલી થાય ?

(A) 40 રૂા.
(B) 100 રૂા.
(C) 60 રૂા.
(D) 50 રૂા.

(107) વર્તુળની વ્યાસ સિવાયની જીવાનું માપ હંમેશા ..........

(A) વ્યાસ જેટલુ હશે.
(B) વ્યાસ કરતાં વધુ હશે
(C) વ્યાસ કરતાં ઓછું હશે.
(D) ત્રીજ્યા કરતાં બમણું હશે.

(108)




નીચે આપેલ સંખ્યા 4., 5 અને 6 પૈકી ઓછામાં ઓછી કોઈ એક સંખ્યાનો ગુણક છે. આ ગુણકો પૈકી ઉપરોક્ત વેન આકૃતિમાં દર્શાવેલ ભાગ A માં કઈ સંખ્યા આવશે. 8, 20, 36, 40, 60, 42

(A) 36
(B) 60
(C) 40
(D) 42

(109) નીચે પૈકી કઈ શરત ત્રિકોણની સંકલ્પનાની અનિવાર્ય શરતો પૈકીની શરત નથી.

(A) ત્રણ રેખાખંડ હોવા જોઈએ.

(B) રેખાખંડો અંત્ય બિંદુએ એક બીજાને છેદતા હોવા જોઈએ એ સિવાય અન્ય કોઈ બિંદુએ છેદતા ન હોવા જોઈએ.

(C) બંધ આકૃતિ હોવી જોઈએ.

(D) વિકર્ણો હંમેશા એકબીજાને દુભાગતા હોવા જોઈએ.

(110) પ્રથમ ક્રમની સંખ્યા - 1

બીજા ક્રમની સંખ્યા - 3

ત્રીજા ક્રમની સંખ્યા - 5

ચોથા ક્રમની સંખ્યા - 7

.
.
.
.

નીચેના પૈકી કયા સૂત્રની મદદથી જોઈતા ક્રમ માટેની સંખ્યા નક્કી કરી શકાશે.

(નીચેના સૂત્રમાં n = સંખ્યાનો ક્રમ છે.)

(A) 2n + 1
(B) n + 1
(C) 2n – 1
(D) $n^2 - 1$

(111) ચઢતા કે ઉતરતા ક્રમમાં ગોઠવેલ સમગ્ર શ્રેણીના બે સરખા ભાગ કરતી રકમની કિંમતને શું કહે છે ?

(A) મધ્યક
(B) મધ્યસ્થ
(C) બહુલક
(D) મધ્યસીમા

(112) એક વિદ્યાર્થીના ગણિત વિષયમાં 75 માંથી 70 ગુણ આવ્યા અને વિજ્ઞાન વિષયમાં 80 માથી 75 ગુણ આવ્યા. બન્ને વિષયના ગુણોની સરખામણી કરવા માટે નીચે પૈકીની કઈ રાશી ઉપયોગી બનશે.

(A) સરાસરી
(B) મધ્યક
(C) મધ્યસ્થ
(D) ટકા

(113) "આકૃતિને તેના ગુણધર્મના આધારે ઓળખી શકે" બાળકનું આ ચિંતનસ્તર વાન હિલ્સ મુજબ કયા સ્તરને દર્શાવે છે ?

(A) દ્રશ્યસ્તર
(B) અનૌપચારીક તારવણી સ્તર
(C) વિશ્લેષણ સ્તર
(D) ઔપચારીક તારવણી સ્તર

(114) સમરૂપતા એટલે........

(A) આકાર સમાન, ક્ષેત્રફળ અલગ
(B) ક્ષેત્રફળ સમાન, આકાર અલગ
(C) આકાર અને ક્ષેત્રફળ બન્ને અલગ
(D) આકાર અને ક્ષેત્રફળ બન્ને સમાન

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

(115) ગણિતજ્ઞ હેમચંદ્રાચાર્ય કઈ શોધ માટે જાણીતા છે.

(A) ફિબોનાકી શ્રેણીના પ્રાચીન સ્વરૂપની શોધ
(B) એનાલિટીકલ નંબર થીયરીની શોધ
(C) સમતલ અને ઘનભૂમિતિની શોધ
(D) હિંદુ દશાંશ પદ્ધતિની શોધ


(116) એક 4 x 4 x 4 ના સમઘનને બહારથી રંગવામાં આવે છે. ત્યાર બાદ તેમાંથી 1 x 1 x 1 ના 64 સમઘન બનાવવામાં આવે છે. તો ફક્ત ત્રણ બાજુ કલર થયા હોય તેવા 1 x 1 x 1 ના કેટલા સમઘન મળશે.

(A) 24
(B) 8
(C) 48
(D) 12

(117) સંમ્યના પિતાની હાલની ઉંમર સંમ્યની ઉંમર કરતા 2 ગણાથી ચાર વધુ છે. તો બે વર્ષ પછીની પિતાની ઉંમરની અભિવ્યક્તિ બનાવો.

(A) $2x + 6$
(B) $2x + 4$
(C) $2x + 2$
(D) $4x + 2$

(118) નીચેની આકૃતિમાં અનુકોણની જોડ કઈ છે.




(A) $\angle 1$ અને $\angle 2$
(B) $\angle 2$ અને $\angle 8$
(C) $\angle 3$ અને $\angle 5$
(D) $\angle 2$ અને $\angle 7$

(119) સમાંતર બાજુ ચતુષ્કોણ ABCDમાં $m\angle A = 60^0$ હોય તો $m\angle B$ = કેટલો હશે ?

(A) $120^0$
(B) $60^0$
(C) $80^0$
(D) $110^0$

(120) એક દુકાનદારે 25000 રૂપિયામાં TV ખરીદ્યુ. હવે તેણે TV ના વેચાણથી 20% નફો મેળવવાનું વિચાર્યું છે તો તેણે TV કેટલા રૂપિયામાં વેચવું જોઈએ ?

(A) 35000/-
(B) 27500/-
(C) 30000/-
(D) 50000/-

(121) વર્ષ 2023માં ભારત G 20 નું પ્રમુખપદ સંભાળી રહ્યું છે. હવે પછી તેનું પ્રમુખપદ કયો દેશ સંભાળનાર છે ?

(A) ઓસ્ટ્રેલિયા
(B) સિંગાપોર
(C) સ્પેન
(D) બ્રાઝિલ

Prepp
Your Personal Exams Guide

(122) ચકલી દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ?

(A) 21 મી માર્ચ
(B) 19 મી માર્ચ
(C) 20 મી માર્ચ
(D) 20 મી એપ્રિલ

(123) સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ દ્વારા કયા વર્ષથી HDI (માનવ વિકાસ સૂચકાંક) બહાર પાડવામાં આવે છે ?

(A) 1995
(B) 1990
(C) 1987
(D) 1985

(124) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અંતર્ગત બધાને માટે આજીવન શિક્ષણની તકોને પ્રોત્સાહન આપવું આ ધ્યેય કયા વર્ષ સુધીમાં સિદ્ધ કરવાનો છે ?

(A) 2026
(B) 2035
(C) 2030
(D) 2040

(125) સાયબર ક્રાઈમ હેલ્પ લાઈન નંબર નીચેનામાંથી કયો છે ?

(A) 1930
(B) 1098
(C) 1075
(D) 1916

(126) રાષ્ટ્રીય વનનીતિ અનુસાર કુલ ભૂમિ ભાગના કેટલા ટકા વિસ્તારમાં જંગલો હોવા જોઈએ ?

(A) 25%
(B) 23%
(C) 33%
(D) 11.18%

(127) તાજેતરમાં કયા ગુજરાતી મહાનુભાવને મરણોત્તર પદ્મવિભૂષણ એનાયત કરવામાં આવ્યો ?

(A) ભાનુભાઈ ચિતારા
(B) પ્રાધ્યાપક મહેન્દ્રપાલ
(C) બાલકૃષ્ણ દોશી
(D) અરીઝ ખંભાતા

(128) બંધબેસતી જોડ બનાવો.

| (અ) | | (બ) | |
|---|---|---|---|
| a. | વિન્ડફાર્મ | 1. | ચારણકા |
| b. | સોલાર પાર્ક | 2. | તુલસીશ્યામ |
| c. | સૌરસીતાગાર | 3. | રુદાતલ |
| d. | ગરમ પાણીના ઝરા | 4. | છાણી |
| e. | બાયોગેસ પ્લાન્ટ | 5. | માંડવી |

(A) a - 5, b - 1, c - 4, d - 2, e - 3
(B) a - 4, b - 5, c - 1, d - 2, e - 3
(C) a - 3, b - 4, c - 1, d - 2, e - 5
(D) a - 5, b - 4, c - 1, d - 2, e - 3

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

(129) BALA પ્રૉજેક્ટ શા માટે શરૂ કરવામાં આવ્યો છે ?

(A) શાળામાં વિદ્યાર્થીનીઓને પોષણક્ષમ આહાર આપવા.

(B) શાળાની બાળાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા.

(C) શાળા પરિસરનો શીખવાના સાધન તરીકે ઉપયોગ કરવા.

(D) શાળા બિલ્ડીંગને બાળકોની અનુકૂળતા મુજબ તૈયાર કરવા.

(130) ખેજડીનાં વૃક્ષો સામાન્યતઃ કયા પ્રકારના પ્રદેશમાં વધુ જોવા મળે છે ?

(A) પર્વતીય વિસ્તાર

(B) દરિયા કિનારો

(C) રણ વિસ્તાર

(D) મેન્ગ્રોવ જંગલ વિસ્તાર

(131) બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, 2012 માં દર્શાવેલ નિયમ 23(1) અનુસાર શૈક્ષણિક સત્તામંડળ તરીકે કઈ સંસ્થાને અધિકૃત કરવામાં આવી છે ?

(A) ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ

(B) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

(C) ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સીલ

(D) ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ

(132) પાયાનું સંખ્યાજ્ઞાન સંદર્ભે નીચેના પૈકી શું સંલગ્ન નથી ?

(A) રોજિંદા જીવનમાં સમસ્યા ઉકેલ માટે તર્ક કરવો.

(B) સાદી ગણિતિક સંકલ્પનાનો ઉપયોગ કરવો.

(C) આકાર અને અવકાશને લગતી સમજ મેળવવી.

(D) ઘડિયાં, પલાંખાં પાકાં કરવા

(133) કયા તહેવારમાં શ્રદ્ધાળુઓ 'તાહીરી' નો પ્રસાદ વહેંચે છે ?

(A) ચેટીચંડ

(B) પતેતી

(C) ઇદ-ઉલ-ફિત્ર

(D) ઓણમ

(134) રાજપૂત યુગમાં ગુજરાતના સ્તંભતીર્થ અને ભૃગુકચ્છ બંદરો જાણીતાં હતાં જે અત્યારે અનુક્રમે કયા - કયા નામે ઓળખાય છે ?

(A) વેરાવળ - કચ્છ

(B) ખંભાત - ભરૂચ

(C) સુરત - ભરૂચ

(D) કંડલા - માંડવી

(135) હવામાં રહેલ ભેજ માપવા માટેનું સાધન કયું છે ?

(A) હાઇડ્રોમીટર

(B) હાઇગ્રોમીટર

(C) હાઇડ્રોફોન

(D) હાઇડ્રોપોનીક્સ

(136) નીચેનામાંથી કયું ઈ-લર્નિંગ પ્લેટફોર્મ નથી ?

(A) SWAYAM

(B) SWAYAM PRABHA

(C) SARAL

(D) DIKSHA

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

(137) પર્યાવરણ શિક્ષણનો મુખ્ય હેતુ નથી.

(A) અવલોકન
(B) અનુભૂતિ
(C) અભિવ્યક્તિ
(D) સંવેદના

(138) કરણમ્ મલ્લેશ્વરી વિશે કયા વિધાનો સાચા છે.

1. તે વેઇટ લિફટર આંધ્રપ્રદેશની વતની છે.
2. બાર વર્ષની ઉંમરે તેમણે વજન ઊંચકવાની શરૂઆત કરી.
3. તેમણે આંતરરાષ્ટ્રીય સ્તરે 29 ચંદ્રકો જીત્યા છે.

(A) 1 અને 2
(B) 1 અને 3
(C) 2 અને 3
(D) બધા

(139) રાજપૂત વંશ અને તેના રાજ્યની યોગ્ય જોડ બનાવો.

| | | | |
|---|---|---|---|
| 1. | બુંદેલ | અ. | સોલંકી |
| 2. | માળવા | બ. | ચોલ |
| 3. | પાટણ | ક. | ચંદેલ |
| 4. | તાંજોર | ડ. | પરમાર |

(A) 1 - ક, 2 - ડ, 3 - અ, 4 - બ
(B) 1 - બ, 2 - અ, 3 - ડ, 4 - ક
(C) 1 - ડ, 2 - ક, 3 - અ, 4 - બ
(D) 1 - ક, 2 - અ, 3 - ડ, 4 - બ

(140) મધ્યપ્રદેશ અને રાજસ્થાન એમ બે રાજ્યની સીમા સાથે જોડાયેલો જિલ્લો છે.

(A) મહિસાગર
(B) છોટા ઉદેપુર
(C) નર્મદા
(D) દાહોદ

(141) સ્થળ અને જિલ્લાની યોગ્ય જોડ બનાવો.

| | | |
|---|---|---|
| 1. | કબા ગાંધીનો ડેલો | A. અમદાવાદ |
| 2. | મોઢેરા | B. રાજકોટ |
| 3. | લોથલ | C. પોરબંદર |
| 4. | માધવરાયનો મેળો | D. મહેસાણા |

(A) 1 - B, 2 - D, 3 - A, 4 - C
(B) 1 - C, 2 - D, 3 - A, 4 - B
(C) 1 - B, 2 - A, 3 - D, 4 - C
(D) 1 - C, 2 - D, 3 - B, 4 - A

(142) અદાલતો, વિધાનસભા, સંસદ વગેરે એકમ શીખવવા કઈ પદ્ધતિ વધુ અસરકારક રહેશે ?

(A) નાટ્યીકરણ
(B) આધાર
(C) આગમન
(D) મોક

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

(143) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં જણાવેલ ભારતીય જ્ઞાન પ્રણાલી (Indian Knowledge System) સંદર્ભે વૈદિક ગણિતના અમલીકરણ બાબતે ધોરણ 9 અને 10 માટેનું સાહિત્ય કોના દ્વારા તૈયાર કરવાનું રહેશે ?

(A) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

(B) સંસ્કૃત બોર્ડ ગુજરાત

(C) GCERT

(D) ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ

(144) રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ વિભાગ હસ્તક સામાજિક ભાગીદારી હેઠળ નીચે પૈકી કઈ શાળાઓ શરૂ કરવા જઈ રહી છે ?

(A) મૉડલ સ્કૂલ્સ
(B) પ્રાથમિક શાળા ઉત્કર્ષ યોજના
(C) જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ
(D) KGBV શાળા

(145) તાજેતરમાં વિદ્યા સમિક્ષા કેન્દ્રને કયો ઍવોર્ડ આપવામાં આવ્યો ?

(A) NATIONAL AWARDS
(B) CHIEF MINISTER'S AWARD
(C) PRIME MINISTER'S AWARD
(D) STATE EDUCATION AWARD

(146) ગુણોત્સવ 2.0 સાથે નીચેના પૈકી કઈ સંસ્થા જોડાયેલી છે ?

(A) Gujarat Accreditation and Assessment Council

(B) Gujarat School Quality Accreditation Council

(C) Gujarat Council For School Assessment

(D) Gujarat Quality Assessment Council

(147) તા. 21-09-2019 ના નોટિફીકેશન દ્વારા RTE - 2009 માં નીચે દર્શાવેલ પૈકી કયો સુધારો કરાવામાં આવેલ છે ?

(A) વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આપી શકાશે.

(B) ધોરણ - 5 અને 8 માં વાર્ષિક પરીક્ષા લેવામાં આવશે અને નબળા વિદ્યાર્થીઓને નાપાસ પણ કરી શકાશે.

(C) સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત ધો. 1 માં પરીક્ષા લેવામાં આવશે.

(D) વિદ્યાર્થીઓને ધો. 5 અને ધો. 8 માં ઉંમર આધારિત પ્રવેશ આપી શકાશે નહીં.

(148) GROWER (Gujarat Repository & Open and Educational Resource) કઈ સંસ્થા સાથે જોડાયેલ છે ?

(A) GCERT
(B) VSK
(C) SSA
(D) SEB

(149) ગુણોત્સવ 2.0 અંતર્ગત સમગ્રતયા શાળા મૂલ્યાંકન કુલ કેટલા વિભાગમાં (Main Domains) વહેંચાયેલ છે ?

(A) 2
(B) 3
(C) 4
(D) 5

(150) 'સમગ્ર શિક્ષા'નો વ્યાપ કયો છે ?

(A) 6 થી 8 વર્ષના બાળકો
(B) પૂર્વ પ્રાથમિકથી માધ્યમિક શિક્ષણ
(C) પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ
(D) પૂર્વ પ્રાથમિકથી ઉચ્ચ માધ્યમિક શિક્ષણ

◆◆◆